અપીલ અરજી નં.૧૭૭ તા.૪–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મીરઝા ગુલામ મો.મહેમુદ બેગ

સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈએકટ હેઠળ શ્રી મીરઝા ગુલામ મો.મહેમુદ બેગનીતા.૧૬–૭–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૨/૨૨૫૮ ના બાંધકામની રીપેરીંગની નકલ ,રીપેરીંગની પરવાનગી લઈને આરસીસીનું બાંધકામ કરી શકે છે જો ગેરકાયદેસર બાંધકામ હોય તો કાયદાકીય પગલા લઈ શકો છો બાંધકામ ગેરકાયદેસર છે કે નથી ? તેની અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૭૭/૨૦૧૦–૧૧

શ્રી મીરઝા ગુલામ મો.મહેમુદ બેગનીતા.૧૬–૭–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૨/૨૨૫૮ ના બાંધકામની રીપેરીંગની નકલ ,રીપેરીંગની પરવાનગી લઈને આરસીસીનું બાંધકામ કરી શકે છે જો ગેરકાયદેસર બાંધકામ હોય તો કાયદાકીય પગલા લઈ શકો છો બાંધકામ ગેરકાયદેસર છે કે નથી ? તેની અંગેની માહિતી આપવા બાબતે આપેલ માહિતી સંતોષ કારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૯૨ તા.૧૫–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ તે વિગતો તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત પણ જણાવેલ નથી. જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૯૮ તા.૨૮–૯–૧૦ થી પૂરક વિગતોમાં નોધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૬૨૫ તા.૫–૮–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. તેમજ અરજદારે પણ અપીલ તબકકે કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૬–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૨૫ તા.૫–૮–૧૦ થી " સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૨૫૮ ના મિલ્કતદારે કરેલ રીપેરીંગની અરજીની નકલ અરજદારને આપવામાં આવેલ છે તથા ઉપરોકત ગેરકાયદેસર બાંધકામને મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ તા.૭–૭–૧૦ થી આપવામાં આવેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ બાંધકામ માટે માંગેલી માહિતીથી સંતોષ નથી તેવું જણાવી તા.૪–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી અરજદારને આરટીઆઈ સેલ/૬૯૨ તા.૧૫–૯–૧૦ થી અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ તે વિગતો , તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા નારાજગી અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદારને કઈ બાબતે નારાજગી છે તેવી સ્પષ્ટ વિગતો જણાવેલ નથી. અરજદારને માંગેલ માહિતી અંગે રીપેરીંગની અરજીની નકલ તથા ગેરકાયદેસર બાંધકામ અંગે આપેલ મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ તા.૭–૭–૧૦ થી થયેલી કાર્યવાહીની વિગતો જણાવવામાં આવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાયેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ જણાતી હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).. ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી મીરઝા ગુલામ મો.મહેમુદ બેગ